ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

નવસારી-વલસાડ-વાપી

વાતાવરણ

	મહત્તમ	લઘુતમ
નવસારી	૩૪.૦° સે.	૨૯.૦° સે.
આહવા	૩૭.૦° સે.	૨૫.૦° સે.
વલસાડ	૩૬.૦° સે.	૩૦.૦° સે.
વાપી	૩૬.૦° સે.	૩૦.૦° સે.

૪ | શનિવાર ૩૦ મે, ૨૦૨૬

આલીપોરમાં ક્રૂડ ઓઇલની ચોરીનું કૌભાંડ

૩.૮૬.૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત, પાંચની અટકાયત

ઓઇલનો જથ્થો મુંબઈથી ભાવનગરના ચિત્રા ખાતે લઈ જવાનો હતો

ધર્મેશ પટેલ

ઘેજ: ચીખલી નજીક આવેલા આલીપોર ગામે એલ.સી.બી. અને સ્થાનિક પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરી ટેન્કરમાંથી ક્રૂડ ઓઈલની ચોરી કરતા ૫ ઈસમને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે બે ટેન્કર અને ક્રૂડ ઓઈલ સહિત કુલ રૂ.૮૬.૩૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે આ ગુનામાં સંડોવાયેલા અન્ય ૨ આરોપીને વોન્ટેડ જાહેર કરી આગળની તપાસ હાથ ધરી છે.

એલ.સી.બી. પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે આલીપોર સ્થિત હંસ ક્વોરીથી બામણવેલ પાટિયા તરફ જતા કાચા રસ્તા પર ટેન્કરમાંથી ક્રૂડ ઓઈલની ચોરી થઈ રહી છે. આ બાતમીના આધારે એલ.સી.બી.એ સ્થાનિક પોલીસ સ્ટાફને સાથે રાખીને ઘટના સ્થળે દરોડો પાડ્યો હતો. જ્યાં ટેન્કરમાં પાઈપ નાંખીને મહિન્દ્રા પિકઅપ ગાડીમાં મૂકેલાં બેરલોમાં ક્રૂડ ઓઈલ ચોરીછૂપીથી ભરી રહેલા આરોપીઓને પોલીસે રંગેહાથ ઝડપી લીધા હતા. આ ક્રૂડ ઓઈલનો જથ્થો મુંબઈની હિન્દુસ્તાન ઓઈલ એક્સપ્લોરેશન કંપનીમાંથી ડિવાઈન લોજિસ્ટિકના ટેન્કરોમાં ભરીને ભાવનગરના ચિત્રા ખાતે લઈ જવાનો હતો.

પરંતુ વચગાળામાં ટેન્કર ચાલકો આ જથ્થો આરોપી પ્રકાશ માંગીલાલ ચુનીલાલ ખટીકને આપવા માટે આલીપોર લઈ આવ્યા હતા, જ્યાં પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે ઘટના સ્થળેથી ટેન્કર નં.(GJ-39-TA-8366) અને બીજું ટેન્કર નં.(GJ-12-BZ-8966) તેમજ મહિન્દ્રા પિકઅપ ગાડી નં.(GJ-05-BT-0547) એમ ત્રણ વાહન કબજે કર્યાં હતાં. આ સાથે રૂ.૧૨,૨૧,૫૦૧ની કિંમતનો ૨૭.૮૫૦ ટન ક્રૂડ ઓઈલનો જથ્થો તથા ૧૭ બેરલમાં ભરેલો રૂ.૨,૦૪,૦૦૦ની કિંમતનો ૩૪૦૦ લીટર ડામરનો જથ્થો મળી વાહનો સહિત કુલ રૂ.૮૬,૩૦,૯૬૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પોલીસે આ ગુનામાં પ્રકાશ માંગીલાલ ચુનીલાલ ખટીક (હાલ રહે.,આલીપોર ડુંગરી ફળિયા, તા.ચીખલી, મૂળ રહે.,બદગાવ, રાજસમંદ, રાજસ્થાન), ટેન્કર ડ્રાઈવર જસવીર સોનારામ ભવરીયા (રહે.,બાડમેર, રાજસ્થાન), વિક્રમ વિસાજી રાજપૂત (રહે.,આસરા, જિ.વાવ-થરાદ), હરિ સાજણ ભરવાડ (હાલ રહે.,આલીપોર, તા. ચીખલી, મૂળ રહે., સાયલા, સુરેન્દ્રનગર) અને મુકેશ જગદીશચંદ્ર ખટીક (હાલ રહે.,બગલાદેવ મંદિર પાસે, થાલા, મૂળ રહે.,નાથદ્વારા, રાજસમંદ, રાજસ્થાન) એમ પાંચ આરોપીની ધરપકડ કરી હતી. જ્યારે સુરત સચિનના અંકિત પટેલ અને ઉનાઈ વાંસદાના વિનોદ પ્રેમચંદ ડગલિયાને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

શુભેચ્છા માટે નવસારી સુધી વાહન લઈને ન આવવા મેયરની અપીલ

વડાપ્રધાનની ઈંધણ બચાવવાની અપીલને ધ્યાને લઈ નવસારીના મેયરે ડાંગમાં નિર્ણય જાહેર કર્યો

ગિરીશ ભોયે

સાપુતારા: નવસારી મહાનગરપાલિકાના મેયર અશોક ધોરાજિયા તાપી જિલ્લાના પ્રવાસ બાદ શુક્રવારે ડાંગ જિલ્લામાં પહોંચ્યા હતા.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને પેટ્રોલ અને ડીઝલ જેવાં ઈંધણનો સંયમપૂર્વક ઉપયોગ કરવાની કરેલી અપીલને ધ્યાનમાં રાખી તેમણે પોતાના પ્રવાસ દરમિયાન સાદગી અને સંદેશાત્મક અભિગમ અપનાવ્યો હતો. મેયરે ડાંગ, તાપી અને વલસાડ જિલ્લાના સંગઠન કાર્યકરોને ખાસ અપીલ કરી હતી કે તેઓ માત્ર શુભેચ્છા પાઠવવા માટે નવસારી સુધી વાહનો લઈને ન આવે અને અનાવશ્યક ઈંધણનો બગાડ ટાળે. તેમના આ અભિગમને સંગઠન કાર્યકરો અને સ્થાનિક આગેવાનોએ આવકાર્યો હતો.

ગુરુવારે તાપી જિલ્લાના કાર્યક્રમો પૂર્ણ કર્યા બાદ તેઓ આજે શુક્રવારે ડાંગ જિલ્લામાં વિવિધ સંગઠન કાર્યક્રરો અને સ્થાનિક આગેવાનોને મળ્યા હતા. આ દરમિયાન ડાંગ જિલ્લા સંગઠન પ્રમુખ દ્વારા મેયરનું આદિવાસી સંસ્કૃતિની ઓળખ સમાન વારલી પેઇન્ટિંગ આપી સન્માન કરવામાં આવ્યું હતું. મેયરે ડાંગ જિલ્લા તાલુકા પંચાયતના પ્રમુખને શુભેચ્છા પાઠવી વિકાસલક્ષી કાર્યોમાં સૌ સાથે મળીને કાર્ય કરવાની ભાવના વ્યક્ત કરી હતી. મુલાકાત દરમિયાન સંગઠન મજબૂતી, પર્યાવરણ સંરક્ષણ અને ઈંધણ બચત જેવા મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. વડાપ્રધાનની અપીલને માત્ર ભાષણોમાં નહીં પરંતુ વ્યવહારમાં પણ ઉતારવાનો પ્રયાસ કર્યો હતો.

વેરો નિયમિત, વિકાસ ગાયબ

નવસારીના જયમોહનદેવ નગરની આવી છે હાલત!

પાંચ વર્ષથી રસ્તા-ગટર-પાણી વગર લોકો પરેશાન, મનપા સામે ઉગ્ર રોષ

નવસારી: નવસારી શહેરના એરૂ બ્રિજ નજીક આવેલી જયમોહનદેવ નગર સોસાયટીમાં છેલ્લાં પાંચ વર્ષથી પાયાની સુવિધાઓના અભાવે સ્થાનિક રહીશો ભારે હાલાકી ભોગવી રહ્યા હોવાનો મુદ્દો ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. મહાનગરપાલિકામાં નિયમિત રીતે વેરો ભરતા હોવા છતાં વિસ્તારના લોકો આજે પણ રસ્તા, ગટર, સ્ટ્રીટ લાઇટ અને પીવાના પાણી જેવી મૂળભૂત સુવિધાઓ માટે સંઘર્ષ કરી રહ્યા હોવાનું સામે આવ્યું છે.

જયમોહનદેવ નગર વિસ્તારમાં અંદાજે 50થી વધુ મકાનો અને બે મોટા એપાર્ટમેન્ટ આવેલાં છે. સોસાયટી ઉભી થયા બાદથી અહીં વિકાસના કામો અધૂરા જ રહી ગયા હોવાના આક્ષેપો સ્થાનિકો કરી રહ્યા છે. સૌથી ગંભીર સમસ્યા ગટર વ્યવસ્થાની હોવાનું રહીશો જણાવે છે. છેલ્લા લાંબા સમયથી ગટરના પાણી ખુલ્લામાં ઉભરાઈ રહ્યા છે, જેના કારણે ગંદકી અને દુર્ગંધથી લોકો ત્રસ્ત બન્યા છે. ચોમાસું નજીક આવતા હવે રોગચાળો ફાટી નીકળવાની ભીતિ પણ ઊભી થઈ છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, નવી ગટર લાઈન નાખવામાં આવી હતી, પરંતુ યોગ્ય જોડાણ અને નિકાલની વ્યવસ્થા ન હોવાથી આખી સિસ્ટમ બિનઉપયોગી બની ગઈ છે. પરિણામે ગંદુ પાણી રસ્તાઓ પર ફરી વળે છે અને મચ્છરોનો ઉપદ્રવ દિવસેને દિવસે વધી રહ્યો છે.

વિસ્તારમાં રસ્તાઓની હાલત પણ અત્યંત ખરાબ બની ગઈ છે. અનેક સ્થળોએ કાચા અને તૂટી ગયેલા રસ્તાઓના કારણે વાહનચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલીઓ પડી રહી છે. આગામી ચોમાસામાં સ્થિતિ વધુ બગડવાની ભીતિ વચ્ચે લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. બીજી તરફ પાણીની લાઈન નાખવામાં આવી હોવા છતાં હજુ સુધી ઘણા ઘરોમાં કનેક્શન આપવામાં આવ્યા નથી.

રાત્રિના સમયે વિસ્તારનો મોટો ભાગ અંધકારમાં ગરકાવ રહે છે. સ્ટ્રીટ લાઈટની પૂરતી સુવિધા ન હોવાથી મહિલાઓ અને બાળકોની સુરક્ષા સામે પણ સવાલો ઊભા થયા છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે આસપાસના વિસ્તારોમાં વિકાસના કામો ઝડપથી થઈ રહ્યા છે, જ્યારે તેમના વિસ્તારને વર્ષોથી અવગણવામાં આવી રહ્યો છે.

વિહિરઆંબાનો કોઝ-વે જર્જરીત, ગંભીર દુર્ઘટના સર્જાવાની ભીતિ

વિહિરઆંબાના સરપંચ સહિત ગ્રામજનોએ ઉચ્ચ સ્તરે રજૂઆત કરી ચોમાસા પૂર્વે રિપેર કરવાની માગણી કરી

સાપુતારા: ડાંગ જિલ્લાના આહવા તાલુકાના ગ્રુપ ગ્રામ પંચાયત ઉમરપાડા અંતર્ગત આવેલા વિહીરઆંબા ગામે ખાપરીના કોતર ઉપર આવેલો કોઝવે હાલમાં અત્યંત જર્જરિત અને બિસ્માર હાલતમાં ફેરવાઈ જતાં સ્થાનિક ગ્રામજનોમાં વહીવટી તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ચોમાસાની ઋતુ બિલકુલ નજીક આવી રહી છે ત્યારે આ કોઝવે સંપૂર્ણપણે તૂટી જવાની અણી પર હોવાથી હજારો લોકો માટે જીવનું જોખમ ઊભું થયું છે, જેને પગલે સ્થાનિક સ્તરે તાત્કાલિક રીપેર કામગીરી હાથ ધરવાની માંગે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર વિહીરઆંબા ગામના ખાપરીના કોતર પર બનેલો આ કોઝવે સમગ્ર વિસ્તારના ગ્રામજનો માટે મુખ્ય અવરજવર માર્ગ એટલે કે ગામની જીવાદોરી સમાન છે. રોજિંદા જીવનમાં શાળા-કોલેજે જતાં વિદ્યાર્થીઓ, પોતાના ખેત ઉત્પાદનો બજાર સુધી પહોંચાડવા મથતા ખેડૂતો, રોજીરોટી માટે જતા શ્રમિકો તેમજ કટોકટીના સમયે હોસ્પિટલ ભેગા થતા દર્દીઓ સહિત તમામ સ્થાનિક રહેવાસીઓ આ જ માર્ગ પર નિર્ભર છે. હાલમાં કોઝવેની સ્થિતિ એટલી હદે દયનીય છે કે તેના પરથી પસાર થતી વખતે ગમે ત્યારે મોટી દુર્ઘટના સર્જાઈ શકે તેમ છે, જેના કારણે લોકો ભારે ફફડાટ વચ્ચે અવરજવર કરવા મજબૂર બન્યા છે.

સ્થાનિકોએ પોતાની ચિંતા વ્યક્ત કરતાં વધુમાં જણાવ્યું હતું કે, આગામી વરસાદી ઋતુ દરમિયાન આ કોઝવે ઉપરથી પાણીનો ભારે પ્રવાહ પસાર થતો હોય છે. માર્ગ પહેલેથી જ તૂટેલો હોવાથી પાણીનાં વહેણને કારણે રસ્તો સંપૂર્ણ અદૃશ્ય અને અત્યંત જોખમી બની જાય છે, જે અકસ્માતોને સીધું આમંત્રણ આપે છે. આ જોખમી પરિસ્થિતિને લીધે સમગ્ર ગામના ખેતી ઉત્પાદન, દૂધ પરિવહન તેમજ અન્ય જીવનજરૂરી આવશ્યક સેવાઓ ખોરવાઈ જવાની અને ગામ સંપર્કવિહોણું બની જવાની ગંભીર ભીતિ સેવાઈ રહી છે.

આ ગંભીર મામલાને ધ્યાને લઈને ગ્રુપ ગ્રામ પંચાયત ઉમરપાડાના સરપંચ રમેશભાઈ ગોવિંદભાઈ ભોયે દ્વારા વહીવટી સ્તરે સત્તાવાર લડત શરૂ કરવામાં આવી છે. સરપંચે જિલ્લા પંચાયત પ્રમુખ, જિલ્લા પંચાયત આહવા-ડાંગને વિસ્તૃત લેખિત રજૂઆત કરી હતી. આ પત્રમાં તેમણે સરકારી તંત્રને તાકીદ કરી છે કે, સંબંધિત જવાબદાર વિભાગના અધિકારીઓ દ્વારા આ સ્થળનું તાત્કાલિક પ્રત્યક્ષ નિરીક્ષણ (સ્થળ તપાસ) કરવામાં આવે અને ચોમાસું વિધિવત બેસે તે પૂર્વે જ ખાપરીના કોતર ઉપર આવેલા આ જોખમી કોઝવેનું મરામત તથા રીપેર કામ વહેલી તકે યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવે.

ઈદના દિવસે મુસ્લિમ યુવાનનું મોત થતા પરિવારમાં માતમ

અરનાલામાં ઈદના દિવસે મોડી રાતે થયેલા બે બાઇક વચ્ચેના અકસ્માતમાં બે યુવાનોનાં મોત : એકની હાલત ગંભીર

વલસાડ: નાનાપોંઢા તાલુકાના અરનાલામાં ઈદના પવિત્ર દિવસે મોડી રાત્રે થયેલા બે બાઇક વચ્ચેના અકસ્માતમાં બુલેટ સવાર અરનાલા ગામના મુસ્લિમ યુવાનનું મોત થતા પરિવારમાં તહેવારના દિવસે માતમ છવાયો હતો, તો બાઇક સવાર અન્ય એક યુવાનનું પણ મોત નીપજ્યું હતું, જ્યારે એક યુવાનને ગંભીર ઈજા સાથે હોસ્પિટલમાં લઈ જવાયો હતો.

અઝીઝ હસનમિયા ખોત (રહે. અરનાલા, મુસ્લિમ ફળિયું) એ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમનો દીકરો રેહાન (ઉ.વ.17) ગઈકાલે ઈદના દિવસે ફળિયામાં રહેતા અબુઝર મુન્ના ખાન શેખ સાથે બુલેટ નંબર જી જે.21. ડી.એ.7788 ઉપર રાત્રે બાબર ખડકથી ઘરે આવી રહ્યા હતા તે સમયે અરનાલા ગામ તળાવ નજીક ઉદવાડા તરફથી આવી રહેલી સ્પ્લેન્ડર બાઇક નંબર જી.જે.15.ડી એસ.7166ના ચાલક વિપુલ લક્ષ્મુ વર્થા (રહે. કાજલી, તા.નાનાપોંઢા)ની બાઇકનો બુલેટ સાથે અકસ્માત થતા બુલેટ સવાર બંને યુવાનો અને અકસ્માત સર્જનાર બાઇક સવાર યુવાન માર્ગ ઉપર ફંગોળાઈ ગયા હતાં. જેમાં બુલેટ સવાર બંનેને ગંભીર ઈજા થતા 108માં નાનાપોંઢા ચિરંજીવી હોસ્પિટલ લઈ જવાયા હતા જ્યાં અબુઝરને મૃત જાહેર કર્યો હતો, જ્યારે રેહાનને વધુ સારવાર માટે વલસાડ કસ્તુરબા હોસ્પિટલ લઈ જવાયો હતો. ઘટનામાં સ્પ્લેન્ડર સવાર યુવાન વિપુલભાઈ વર્થાનું પણ કરૂણ મોત નીપજ્યું હતું.

વલસાડમાં રસ્તા પર વિદેશી દારૂની રેલમછેલ

વલસાડ: ગુજરાતમાં કહેવાતી દારૂબંધીના લીરેલીરા ઉડાવતી વધુ એક શરમનાક ઘટના વલસાડ શહેરમાં બની હતી. વલસાડના કૈલાસ રોડ પર ઔરંગા નદી પાસે રાત્રિના અંધકારમાં બેફામ સ્પીડે દારૂની હેરાફેરી કરી રહેલી એક મોપેડને અકસ્માત નડ્યો હતો. અકસ્માત થતાં જ મોપેડ પર લદાયેલો વિદેશી દારૂનો જથ્થો રસ્તા પર વેરવિખેર થઈ ગયો હતો. આ ઘટના બાદ જે દૃશ્યો સર્જાયાં તે વલસાડ પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કરે છે.

મળતી માહિતી મુજબ, વલસાડના કૈલાશ રોડ પર મોપેડ નંબર GJ-15-BP-9551માં એક બુટલેગર મોટી માત્રામાં વિદેશી દારૂ લઈ જઈ રહ્યો હતો. ઔરંગા નદી પાસે મોપેડને અકસ્માત નડતા દારૂની બોટલો રસ્તા પર ચારેબાજુ ફેંકાઈ ગઈ હતી. અકસ્માત જોઈને મદદ કરવા દોડવાના બદલે આજુબાજુના લોકોમાં દારૂ મેળવવાની ઘેલછા જાગી હતી અને લોકોએ રસ્તા પરથી દારૂની બોટલોની લૂંટ ચલાવી હતી.

નવાઈની વાત તો એ છે કે, અકસ્માત નડ્યો હોવા છતાં બુટલેગર પોલીસ પકડાઈ જવાના ડર વગર, આસાનીથી પોતાની મોપેડ લઈને ઘટના સ્થળેથી ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે વલસાડમાં બુટલેગરોને ખાખી વરદીનો કોઈ જ ખોફ કે ડર રહ્યો નથી. વલસાડમાં બુટલેગરો હવે પોલીસને પડકાર ફેંકી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. આ સમગ્ર ઘટના બાદ જનતામાં રોષ છે અને સવાલ ઉઠી રહ્યા છે કે વહીવટી તંત્ર ઊંઘમાંથી ક્યારે જાગશે અને જવાબદાર પોલીસ અધિકારીઓ સામે પગલાં ક્યારે લેવાશે?

સિંણધઈ ગામે મંજૂર થયેલા રસ્તાની ગ્રાન્ટ અન્ય જગ્યાએ ફાળવી દેતા વિવાદ

અધિકારીની ભૂલથી એક રસ્તાની ગ્રાન્ટ બીજા રસ્તામાં વપરાઈ હોવાની સરપંચની કબૂલાત

અમૃત પટેલ

સરપંચનો મોબાઇલ બંધ, વિગત જાણી શકાઈ નહીં

સિંણધઈ ગામે સર્જાયેલા રસ્તાના વિવાદ બાબતે સરપંચ પાસેથી વિગતો મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ તેમનો ફોન સ્વીચ ઓફ આવતા વધુ માહિતી મેળવી શકાઈ ન હતી

વાંસદા: વાંસદાના સિંણધઈ ગામે મંજૂર થયેલ રસ્તાની ગ્રાન્ટ ગામમાં અન્ય જગ્યાએ ફાળવી દેવામાં આવી હોવાની લેખિત ફરિયાદ ગ્રામજનો દ્વારા કરવામાં આવી હતી. સાથે ગામમાં થયેલ રસ્તાનાં કામો અને ફાળવેલ ગ્રાન્ટની માહિતી માગવામાં આવી હતી. વાંસદા તાલુકાના સિંણધઈ ગામે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત મંજૂર થયેલ રસ્તો અન્ય જગ્યાએ ફાળવી દઈ ગ્રાન્ટનો દૂરુપયોગ થયો હોવાની ફરિયાદ ગ્રામજનોમાં ઉઠવા પામી છે. સિંણધઈ ગામના મોટી સંખ્યામાં ગ્રામજનો ગ્રામ પંચાયત ખાતે પહોંચી સરપંચ અને તલાટીને લેખિત ફરિયાદ કરી હતી.

સિંણધઈ ગામના મોટા ફળિયાથી રાજમલા ફળિયા તરફ રસ્તાના વિકાસનાં કામો માટે સરકારે ફાળવેલ ગ્રાન્ટ ગામના બીજા વિસ્તારમાં ઉપયોગમાં ફાળવી દેવામાં આવી હોવાના આક્ષેપ સાથે રજૂઆત કરવામાં આવી હતી. વર્ષોથી સારા રસ્તાની માંગ હોય, ત્યારે સરકાર દ્વારા મંજૂર થયેલ રસ્તો અન્ય જગ્યાએ બની જતા ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો હતો. ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો કે સિંણધઈ મોટા ફળિયાથી રાજમલા તરફ જતો રસ્તો મંજૂર થયો હોવા છતાં આજદિન સુધી બન્યો નથી.

ભીલાડ અને વલવાડામાં અકસ્માતના બે બનાવોમાં બે રાહદારીનાં મોત

ઉમરગામ: બુધવારે રાત્રે સાડા નવ વાગે વલવાડા ગામે મોહનગામ રેલવે ફાટકની સામે મુંબઈથી સુરત તરફ જતા હાઈવે ઉપર સુપર કેરી ટેમ્પો નંબર જીજે-15 એએસ 3588ના ચાલક રાહુલ પુરોહિત (રહે વાપી ટાઉન)એ પોતાનું વાહન પૂર ઝડપે હંકારી રોડ ક્રોસ કરતા એક અજાણ્યા પુરુષ (ઉ.વ. 30થી 35) ને અડફેટે લઈ મોત નિપજાવ્યું હતું.

વધુ એક અકસ્માતનો બનાવ તા 28 ને ગુરુવારે બપોરે બે વાગ્યા આસપાસ ભીલાડ રેલવે ફાટક સામે હાઈવે પર બનવા પામ્યો હતો. કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન ગલફત ભરી રીતે હંકારી હાઈવે રોડ ક્રોસ કરતા એક અજાણ્યા પુરુષ (ઉ. વ. 35થી 40 વર્ષ)ને ટક્કર મારી એકસીડન્ટ કરી માથાના ભાગે તથા શરીરના ભાગે ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવ્યું હતું. પોતાનું વાહન લઈને અજાણ્યો વાહન ચાલક નાસી ગયો હતો.

વાપીમાં મેયર, મ્યુ.કમિ.ની ચેમ્બર બની ગઈ

વાપી મનપાની બિલ્ડીંગમાં શાસકો તેમજ મ્યુન્સિપલ કમિશર સહિતના ઉચ્ચ અધિકારીની ચેમ્બર બની

મોરારજી શોપિંગ સેન્ટરમાં મનપાના કર્મચારી તેમજ વિવિધ વિભાગોની કચેરી તૈયાર કરવામાં આવી

વાપી: વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ તેમજ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલે શુક્રવારે વિધિવત કાર્યભાર સંભાળી લીધો હતો. વાપી મહાનગરપાલિકા બન્યા બાદ ચૂંટણી થઈ અને હવે અઢી વર્ષની મુદ્દત માટે હોદ્દેદારોએ તેમનો કાર્યભાર સંભાળી લીધો હતો. વાપીમાં ભાજપની મોટી જીત બાદ હોદ્દેદારોએ કાર્યભાર સંભાળ્યો ત્યારે શહેર ભાજપ પ્રમુખ મનિષભાઈ દેસાઈ ઉપસ્થિત રહયા હતા. તેમણે હોદ્દેદારોને શુભેચ્છા આપી હતી.

વાપી શહેરના વિકાસને નવી દિશા અને વેગ આપવા માટે વાપી મહાનગરપાલિકાના નવનિયુક્ત પદાધિકારીઓએ આજે સત્તાવાર રીતે કાર્યભાર સંભાળી લીધો છે. મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલે શુક્રવારે વિજય મુહૂર્તમાં બપોરે 12:39 કલાકે પાલિકા કચેરી ખાતે શાસ્ત્રોક્ત વિધિ અને પૂજન અર્ચન બાદ પોતાના હોદ્દાનો પદભાર ગ્રહણ કર્યો હતો.

આ ગૌરવપૂર્ણ પ્રસંગે મહાનગરપાલિકાના વિવિધ અધિકારીઓ, કાઉન્સિલરો અને અગ્રણીઓએ ઉપસ્થિત રહીને તમામ નવનિયુક્ત પદાધિકારીઓને પુષ્પગૂચ્છ અર્પણ કરી શુભેચ્છાઓ પાઠવી હતી. તમામ પદાધિકારીઓએ એકજૂથ થઈને વાપી શહેરના સર્વાંગી વિકાસ, આંતરમાળખાકીય સુવિધાઓની મજબૂતી અને જનસુખાકારીના કાર્યોને સર્વોચ્ચ અગ્રિમતા આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

વાપી મનપાની બિલ્ડીંગમાં શાસકો તેમજ મ્યુન્સિપલ કમિશર સહિતના ઉચ્ચ અધિકારીની ચેમ્બર બનાવવામાં આવી છે. જ્યારે બાજુમાં મોરારજી શોપિંગ સેન્ટરમાં મનપાના કર્મચારી તેમજ વિવિધ વિભાગોની કચેરી તૈયાર કરવામાં આવી છે. ત્યાં સ્ટાફને પહેલા જ સિફ્ટ કરી દેવામાં આવ્યો છે. મનપાનું દસ માળનું નવું બિલ્ડીંગ બને ત્યાં સુધી આ વ્યવસ્થા રહેશે.

સંક્ષિપ્ત સમાચાર

વલસાડ જિલ્લામાં વસતી ગણતરી અંતર્ગત સ્વગણતરી માટે કાલે છેલ્લો દિવસ

વલસાડ: ભારત સરકાર દ્વારા આગામી સમયમાં 'વસતી ગણતરી-૨૦૨૭' હાથ ધરાનાર છે, જેના પ્રથમ તબક્કામાં ગુજરાતમાં તા. ૧ જૂનથી ૩૦ જૂન, ૨૦૨૬ દરમિયાન હાઉસ લિસ્ટિંગ અને હાઉસિંગ સેન્સસ (ઘર યાદી અને મકાનોની ગણતરી) હાથ ધરાનાર છે. આ પ્રક્રિયાને વધુ સરળ બનાવવા માટે સરકાર દ્વારા તા. ૧૭ મેથી સ્વગણતરી (સેલ્ફ-એન્યુમેરેશન)ની અપીલ કરવામાં આવી હતી. જેનો આજે તા. ૩૧ મેના રોજ અંતિમ દિવસ છે. આ માટે પોર્ટલ se.census.gov.in કાર્યરત કરવામાં આવ્યું છે. રાષ્ટ્ર નિર્માણની અત્યંત મહત્વપૂર્ણ પ્રક્રિયા જનગણના ૨૦૨૭માં સક્રિયપણે જોડાવવા વલસાડ જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાન દ્વારા પણ જિલ્લાના નાગરિકોને અનુરોધ કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે, ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવતી આ વસતી ગણતરીમાંથી પ્રાપ્ત થતી માહિતીનો ઉપયોગ જનહિતલક્ષી વિવિધ યોજનાઓના આયોજન, તેના અમલીકરણ અને દેશના વિકાસ કાર્યોને વધુ અસરકારક બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવશે.

ડાંગ જિલ્લાની ભૂજાડ વન વિકાસ મંડળીની નોંધણી રદ કરાઇ

સાપુતારા: ડાંગ જિલ્લાના વઘઇ તાલુકાની ભૂજાડ વન વિકાસ મંડળીની નોંધણી રદ કરવામાં આવી છે. ડાંગના મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર બી. કે. છત્રોલા તરફથી મળેલી અખબારી યાદીમા જણાવ્યા અનુસાર, વઘઇ તાલુકાની ભૂજાડ વન વિકાસ સ.મં.લિ.ભૂજાડ, નોંધણી નંબર - ડીએનજી/ઉ(જં) ૧૪૮૦૬ મંડળી લિ.ની નોંધણી રદ થવા પામી છે. ડાંગ જિલ્લાનાની આ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ, તથા ફડચા અધિકારીના અભિપ્રાય મુજબ ફડચાનું કામ પુર્ણ થયેથી, આ મંડળીની નોંધણી રદ કરવામાં આવી છે.

ખડકીમાં અસ્થિર મગજના યુવાને એમ્બ્યુલન્સનાં ટાયર તોડી નાખ્યાં!

નિલેશ કાપડીયા

પારડી: પારડી તાલુકાના ખડકી ગામે ગ્રામ પંચાયતમાં પાર્ક કરેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની 108 એમ્બ્યુલન્સને ખડકી ગામે રહેતા અસ્થિર મગજના યુવાને તીક્ષ્ણ સાધન વડે એમ્બ્યુલન્સનાં ચારે ચાર ટાયરોમાં નુકસાન પહોંચાડ્યુ હતું. સવારે ઘટના સ્થળ ઉપર સ્ટાફ આવતા ગાડીના ચારે ચાર ટાયરોમાં નુકસાન જોયું હતું અને પંચાયતમાં લાગેલ સીસીટીવી કેમેરા જોતા રાત્રિના અસ્થિર મગજનો યુવાન હોવાનું જણાયું હતું. આ ઘટના અંગે પોલીસને જાણ કરી હતી અને પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.